સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

# સન ૧૯૫૬ના મુંબઈ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો

(તા. ૨૦-૪-૮૨ સુધીના સુધારા સહીત)

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.
૨૦૦૫.

એસ્ટ-૬૧૮-(૧)

## ગૃહ ખાતુ

## સચિવાલય, મુંબઈ, તારીખ ૨૭મી એપ્રિલ, સન ૧૯૫૬

ક્રમાંક ૯૦૮૭/૫-૨-ડી.--સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨ મા)ની કલમ ૫ (બ) સાથે વાંચતાં તેની કલમ ૨૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ક) થી મળેલા અધિકારો રૂએ મુંબઈ સરકાર, મુંબઈ રાજ્યમાં પોલીસ ઈન્સ્પેકટરના અને તેનાથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીઓને શિક્ષા કરવા અને તેમાંથી ઉપસ્થિત થતી અપીલોનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે,--

**૧.** (૧) આ નિયમોને સન ૧૯૫૬ ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો કહેવા.

(૧-અ) આ નિયમો સમગ્ર મુંબઈ રાજ્યને લાગુ પડશે.

(૨) આ નિયમો, મુંબઈ રાજ્યમાં ઈન્સ્પેકટરના અને તેનાથી ઉતરતા દરજ્જાના સઘળા પોલીસ અધિકારીઓ (જેનો આમાં હવે પછી પોલીસ અધિકારીઓ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને લાગુ પડશે.

**૨.** જે પોલીસ અધિકારીને આ નિયમો લાગુ પડતા હોય તે કોઈપણ પોલીસ અધિકારીને, આ નિયમોના ઉપબંધો અનુસાર તે સિવાય બીજી રીતે ખાતાકીય શિક્ષા કરવી નહિ.

**૩.** (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાના ઉપબંધોને બાધ આવ્યા સિવાય, કોઈપણ પોલીસ અધિકારીને નીચે પ્રમાણે શિક્ષા કરી શકાશે ;

(અ-૧) બેદરકારી અથવા હુકમ ભંગ કર્યાને કારણે સરકારને જે કાંઈ આર્થિક નુકશાન થયું હોય, તેની પૂરી રકમ અથવા તેનો કોઈ ભાગ પગારમાંથી વસૂલ કરવાની ;

(અ-૨) નોકરીમાંથી મોકૂફ કરવાની ;

(૧) દરજ્જો, પાયરી કે પગાર ઘટાડવાની અથવા કોઈ મોભાવાળી જગા ઉપરથી દૂર કરવાની અથવા કોઈ વિશિષ્ટ મળતર મળતું હોય તે પાછું ખેંચી લેવાની ;

(૧-અ) ફરજિયાત નિવૃત થવાની ;

(૨) પોલીસ સિવાયના બીજા કોઈપણ ખાતામાં ભવિષ્યમાં નોકરી કરવા માટે ગેરલાયક ઠરે નહિ તે રીતે નોકરીમાંથી દૂર કરવાની ;

(૩) ભવિષ્યમાં સરકારી નોકરી માટે ગેરલાયક ઠરે તે રીતે બરતરફ કરવાની.

(૧-અ)(૧) નિમણૂંક કરનાર અધિકારી અથવા તે જેના તાબામાં હોય તેવો કોઈ અધિકારી અથવા આ અર્થે રાજ્યની સરકારે અધિકાર આપેલા બીજો કોઈ અધિકારી,

નીચેના પ્રસંગોએ પોલીસ અધિકારીને હંગામી રીતે નોકરીમાંથી મોકૂફ કરી શકશે :—

(અ) તેની વર્તણૂંક વિષે ચોકસી કરવા ધાર્યું હોય અથવા ચોકસી ચાલુ હોય, ત્યારે, અથવા

(બ) તેની સામે કોઈપણ ફોજદારી ગુના અંગેની ફરિયાદની તપાસ અથવા ઈન્સાફનું કામ ચાલુ હોય ત્યારે :

પરંતુ નિમણૂંક કરનાર અધિકારી કરતાં ઉતરતા દરજ્જાના અધિકારીએ નોકરીમાંથી મોકૂફ કર્યાનો હુકમ કર્યો હોય તે પ્રસંગે એવા અધિકારીએ, કેવા સંજોગોમાં નોકરીમાંથી મોકૂફ કર્યાનો હુકમ કર્યો છે તે વિષે નિમણૂંક કરનાર અધિકારીને તરતજ ખબર આપવી.

સ્પષ્ટીકરણ.—આ પેટા-નિયમ અન્વયે પોલીસ અધિકારીને નોકરીમાંથી મોકૂફ કરવામાં આવે તો તે પેટા-નિયમ (૧)ના ખંડ (અ-૨) માં નિર્દિષ્ટ કરેલી શિક્ષા ગણાશે નહિ.

(૨) જેને ફોજદારી તહોમત ઉપર અથવા તે સિવાય બીજી રીતે, અડતાલીસ કલાક કરતાં વધારે મુદત માટે, કસ્ટડીમાં રાખવામાં આવે તે પોલીસ અધિકારીને આ નિયમ મુજબ નિમણૂંક કરનાર અધિકારીએ નોકરીમાંથી મોકૂફ કર્યો છે એમ ગણાશે.

(૩) પેટા-નિયમ (૧) મુજબ નોકરીમાંથી મોકૂફ કરવાનો હુકમ, આવો હુકમ કરનાર અધિકારી અથવા તે જેના તાબા નીચે હોય તેવા કોઈપણ અધિખારી કોઈપણ સમયે રદ કરી શકશે.

(૨) શિસ્તભંગ અથવા ગેરવર્તણૂંક માટે અથવા જે કૃત્યથી પોતાની ફરજ બજાવવા માટે પોતે ગેરલાયક બને પરંતુ જેના માટે તેને નોકરીમાંથી મોકૂફ કરવાની કે બરતરફ કરવાની કે દૂર કરવાની શિક્ષા કરવાની જરૂર ન હોય તેવું કોઈ કૃત્ય કરવા માટે કોઈ પણ પોલીસ અધિકારી દોષિત ઠરે તો તેને નીચે પૈકીની કોઈ શિક્ષા કરી શકાશે :—

(૧) ચેતવણી

(૨) ઠપકો (સર્વિસ બુકમાં નોંધવાનો).

(૩) વધારાની કવાયત.

(૪) વધુમાં વધુ એક મહિનાના પગારની રકમ સુધીનો દંડ.

(૫) પગાર વધારો અટકાવવો ;

પરંતુ —

(અ) ખંડ (૩)માં નિર્દિષ્ટ કરેલી શિક્ષા કોન્સ્ટેબલના દરજ્જાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારીને કરી શકાશે નહિ ;

(બ)ખંડ (૪)માં ઉલ્લેખ કરેલી શિક્ષા ઈન્સ્પેક્ટરને કરી શકાશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ નિયમના હેતુઓ સારૂ,—

(૧) કોઈ પોલીસ અધિકારીને જે કસૂર માટે શિક્ષા કરવાની હોય તે કસૂર કર્યાના સમયે તે ઉપલા દરજ્જામાં અવેજીમાં કામ કરતો હોય તેને તે ઉપલા દરજ્જાના અધિકારી તરીકે ગણવામાં આવશે ;

(૨) કોઈ પોલીસ અધિકારી અવેજીમાં ઉપલી જગા ઉપર કામ કરતો હોય તે જગા ઉપરથી તેને તેની કાયમી જગા પર પાછો મૂકવામાં આવે તો તે પાયરી-ઉતાર ગણાશે નહિ;

*(૩) અજમાયશીને અજમાયશની મુદત દરમિયાન અથવા તે મુદતના અંતે નોકરી માટે તે અનુકૂળ ન જણાય તે કારણે તેને છૂટો કરવામાં આવે તો તે શિક્ષા ગણાશે નહિ.

(૪) હંગામી પોલીસ અધિકારીને માત્ર વહીવટી કારણોસર છૂટા કરવામાં આવે તો તે શિક્ષા ગણાશે નહિ.

૪. કોઈ પોલીસ અધિકારીની વર્તણૂંક વિષે ખાતીકીય તપાસ કરવામાં આવી હોય અને શિક્ષા ઠરાવતો હુકમ કરવા માટેનાં કારણોવાળી તેની પોતાની સહીવાળી લેખિત તપાસ નોંધ કરી હોય તે સિવાય, તે પોલીસ અધિકારીને નિયમ ૩ના પેટા-નિયમો (૧)ના ખંડો (અ-૧), (અ-૨), ૧, (૧-અ), (૨) અને (૩) માં નિર્દિષ્ટ કરેલી શિક્ષા કરી શકાશે નહિ.

૫. આ નિયમોની અનુસૂચિ ૧ ના કોલમ ૧ માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને તેના કોલમ ૪ માં જણાવેલી મર્યાદાને અધીન રહીને, કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને કોલમ ૩ માં નિર્દિષ્ટ કરેલા પ્રકારની શિક્ષા કરવાનો અધિકાર રહેશે.

૬. જે પોલીસ અધિકારીને નિયમ ૩ ના પેટા-નિયમ (૧)ના ખંડો (અ-૧), (અ-૨), (૧), (૧-અ), (૨) અને (૩) તથા પેટા-નિયમ (૨)ના ખંડો (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ શિક્ષા કરવામાં આવે તેવા દરેક પોલીસ અધિકારીને, શિક્ષાના હુકમ વિરૂધ્ધ, નિયમ ૯ મુજબ નિર્દિષ્ટ કરેલા અધિકારીને અપીલ કરવાનો હક રહેશે;

પરંતુ આ નિયમ અન્વયે બીજી અપીલ થઈ શકશે નહિ.

૭. નિયમ ૩ ના પેટા-નિયમ (૨)ના ખંડો (૧) થી (૩) માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ શિક્ષા કરતાં હુકમ વિરૂધ્ધ અપીલ થઈ શકશે નહિ.

---

* તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૭૩ ના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્ર.જીએચજી/૨૯૫/પીડીઈ/૧૦૭૨/૨૧૮૨-એમ, થી સુધારો કર્યો.

એજનથી દાખલ કર્યો.

૮. અપીલ કરનાર દરેક વ્યક્તિએ, પોતાના નામથી અલગ અપીલ કરવી પડશે.

૯. (૧) આ નિયમોની અનુસૂચિના કોલમ ૧ માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા અધિકારીઓએ કરેલા હુકમો વિરૂધ્ધ અનુસૂચિ ૨ ના કોલમ ૨ માં નિર્દિષ્ટ કરેલા સત્તાધિકારીઓને અપીલ થઈ શકશે.

*(૨) રદ કર્યું

(૩) આ નિયમમાં ગમે તે કહ્યું હોય તે છતાં, રાજ્યની સરકાર અથવા ઈન્સ્પેકટર-જનરલ સિવાયના કોઈ અપીલ સત્તાધિકારીને અપીલ કરવામાં આવે તે પ્રસંગે, ન્યાયનો હેતુ સાધવા સારૂ અથવા અપીલ કરનાર અથવા સાક્ષીઓ અથવા લાગતાવળગતા અધિકારીઓની સામાન્ય સગવડ સારૂ ઈન્સ્પેકટર જનરલ પોતાની મેળે અથવા માગણી ઉપરથી એવી અપીલ તે ચલાવવાનો જેને અધિકાર હોય તેવા બીજા કોઈ અપીલ સત્તાધિકારી તરફ તેનો નિકાલ કરવા માટે મોકલી શકશે.

૧૦. આ નિયમો અન્વયે કરવામાં આવેલી દરેક અપીલમાં, અપીલ કરનાર જેના પર આધાર રાખતો હોય તેવી સઘળી મુદ્દાની કેફિયતો અને દલીલો હોવી જોઈશે અને તેમાં અપમાનજનક અથવા અયોગ્ય ભાષા હોવી જોઈશે નહિ અને તે અપીલ પૂરેપૂરી હોવી જોઈશે. જે હુકમ વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તેની એક નકલ તેની સાથે જોડવી અને અપીલ કરનાર જેના તાબા નીચે કામ કરતો હોય અથવા કામ કર્યું હોય તેવા ઓફિસના મુખ્ય અધિકારી મારફત અપીલ સાદર કરવી જોઈશે.

૧૧. જે હુકમો વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમોની જે તારીખે અપીલ કરનારને જાણ કરવામાં આવી હોય તે તારીખથી **બે મહિનાની અંદર દરેક અપીલ કરવી ;**

પરંતુ **અપીલ સત્તાધિકારીને યોગ્ય કારણો દર્શાવવામાં આવ્યા હોય તો તે પોતાની મુનસફીથી સદરહુ મુદત છ મહિના સુધી લંબાવી શકશે.**

૧૨. શિક્ષા ઉપર અપીલ થઈ શકતી ન હોય તો અપીલ કાઢી નાંખી શકાશે, અથવા આમાં અગાઉ જણાવેલી રીતે જો તે અપીલ કરી ન હોય તો તે રોકી રાખી શકશે.

૧૩.અપીલ રોકી રાખવામાં આવે તેવા દરેક પ્રસંગે, અપીલ કરનારને તે હકીકત અને તે માટેનાં કારણો જણાવવા.

૧૪. અપીલ સત્તાધિકારીએ અપીલ રોકી લીધી હોય તે વિરૂધ્ધ અપીલ થઈ શકશે નહિ ;

પરંતુ અપીલ નિયમ ૧૦ના ઉપબંધોનું પાલન ન કરવાને કારણે અપીલ રોકવામાં આવે તે પ્રસંગે, અપીલ રોક્યાનો હુકમ જે તારીખે અપીલ કરનારને જણાવવામાં આવ્યો હોય તે તારીખથી એક મહિનાની અંદર, નિયમમાં ઠરાવ્યા પ્રમાણેના નમૂના મુજબ ફરી સાદર કરી શકાશે.

૧૫. અપીલ સત્તાધિકારીએ--

(અ) જે હકીકતોના આધારે હુકમ કરવામાં આવ્યો હોય તે હકીકતો પૂરવાર થયેલી છે કે કેમ ;

---

* સરકારશ્રીના ગૃહ-વિભાગના તા. ૨૦-૪-૮૨ના ઠરાવ ક્રમાંક પીડીઈ-૨૫ ૮૧-૩૧૮૭-ગ થી રદ કર્યું

(બ) પૂરવાર થયેલી હકીકતોથી ઉપરથી શિક્ષા કરવા માટે પૂરતું કારણ મળી રહે છે કે કેમ ;

(ક) શિક્ષા ભારે છે, પૂરતી છે અથવા અપૂરતી છે કે કેમ ;

તે વિચારવું અને જો તેને જરૂરી લાગે તો નિર્દિષ્ટ કરેલા કોઈપણ મુદ્દાઓ અંગે વધુ તપાસ કરવાનું હુકમ કરનાર સત્તાધિકારીને ફરમાવી શકશે અને જે શિક્ષા ફરમાવી હોય તેમાં વધારો કરવા અથવા તેથી વધુ સખત શિક્ષા કરવા સુધ્ધાં પોતાને વાજબી અને યોગ્ય લાગે તો તેવા હુકમો કરવા ;

પરંતુ શિક્ષા વધારવા અથવા વધારે સખત શિક્ષા કરવા સામે કારણ બતાવવાની નોટિસ આપ્યા સિવાય અને તે અંગે જવાબમાં દર્શાવેલું કોઈપણ કારણ વિચાર્યા સિવાય અપીલમાં શિક્ષા વધારવી નહિ, અથવા વધારે સખત સિક્ષા કરવી નહિ.

૧૬. જે અધિકારીના હુકમ વિરૂધ્ધ આ નિયમો મુજબ અપીલ કરવામાં આવી હોય તે અધિકારીએ, અપીલ સત્તાધિકારીએ કરેલા કોઈપણ હુકમનો અમલ કરવો.

*૧૬. (અ) જ્યારે કોઈ તપાસમાં પુરાવાનો આખો કે કોઈપણ ભાગ સાંભળીને નોંધ કર્યા બાદ તપાસ અધિકારી તેમાં હકુમત વાપરે નહિ અને તેના અનુગામી તરીકે બીજા તપાસ અધિકારી આવે અને તેને એવી હકુમત હોય અને તે એવી હકુમત વાપરે ત્યારે તેવી રીતે અનુગામી થનાર તપાસ અધિકારી તેના પુરોગામીએ તેવી રીતે નોંધેલા પુરાવા ઉપરથી અથવા અંશતઃ તેના પુરોગામીએ અને અંશતઃ પોતે નોંધેલા પુરાવા ઉપરથી નિર્ણય લેશે ;

પરંતુ જો અનુગામી થનાર તપાસ અધિકારીનો એવો મત હોય કે જેનો પુરાવો પહેલેથી નોંધી લીધો હોય તેવા કોઈપણ સાક્ષીની વધુ તપાસ કરવાનું ન્યાયના હિતમાં જરૂરી છે તો તેવી સાક્ષીને ફરી બોલાવી શકશે અને તેની તપાસ, ઉલટ તપાસ અને ફેર તાપસ કરી શકશે.

**૧૬. (બ) અધિનિયમની કલમ ૨૭-અ હેઠળની ફેર તપાસ માટેની દરેક અરજી જે હુકમ વિરૂધ્ધ અરજી કરવામાં આવી હોય તે હુકમની જાણ જે તારીખે અરજદારને કરવામાં આવી હોય તે તારીખથી ૬૦ દિવસમાં કરવી જોઈશે.

***૧૭, ૧૮ ૧૯--રદ કર્યા

૨૦. (૧) આ નિયમોને તત્સમાન હોય અને આ નિયમો શરૂ થયાની તરતજ પહેલાં અમલમાં હોય તેવા કોઈ નિયમો આથી રદ કરવામાં આવે છે :

---

* ગૃહ વિભાગના તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૮૦ના જાહેરનામા ક્રમાંક જી/જી/૬૫/એમઆઈએસ/૧૦૭૭/૩૭૨૫-જી થી સુધારો કર્યો.

** ગૃહ વિભાગના તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૭૯ના જાહેરનામા ક્રમાંક જી/જી/૧૮૭/પીડીઈ/૧૩૭૮/૯૪૨/જી થી દાખલ કર્યો.

*** એજનથી રદ કર્યો.

પરંતુ એવી રીતે રદ કરવામાં આવેલા નિયમો મુજબ કરેલો કોઈ હુકમ અથવા લીધેલું કોઈ પગલું, સદરહુ નિયમોના તત્સમાન ઉપબંધો અન્વયે છે એમ ગણાશે.

(૨) રાજ્યના હૈદરાબાદ, વિદર્ભ, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં, આ નિયમોની શરૂઆત થયેથી નીચે જણાવેલા નિયમો, જેટલે સુધી ઈન્સ્પેકટરના અને તેનાથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીઓને અથવા તત્સમાન દરજ્જાવાળા અધિકારીઓને લાગુ પડતા હોય તેટલે સુધી, રદ થયેલા ગણાશે ; એટલે કે--

(૧) રાજ્યના હૈદરાબાદ વિસ્તારમાં અમલમાં હોય તેવા સન ૧૯૫૫ના હૈદરાબાદ મુલકી સેવા (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમો,

(૨) રાજ્યના વિદર્ભ વિસ્તારમાં અમલમાં હોય તેવા મધ્ય પ્રાંત અને વરાડના પોલીસ નિયમનો,

(૩) સન ૧૯૫૪ ના ઓગસ્ટ મહિનાની ૧૯મી તારીખના અગાઉના સૌરાષ્ટ્ર સરકારના ગૃહ ખાતાના જાહેરનામા નં. એચ/૧૩-૬માં પ્રસિધ્ધ થયેલા, પોલીસ દળના અધિકારીઓ અને સભ્યોને ખાતાકીય શિક્ષા ઠરાવવા બાબતના નિયમો ;

(૪) કચ્છ રાજ્યના ચીફ કમિશનરે કરેલા અને સન ૧૯૫૪ના નવેમ્બર મહિનાની ૫મી તારીખના કચ્છના ચીફ કમિશ્નરના જાહેરનામાં નં. એસ-૧૮૦/૫૨માં પ્રસિધ્ધ થયેલા નિયમો ;

પરંતુ એવી રીતે રદ કરેલા નિયમોના ઉપબંધો પૈકી કોઈ પણ ઉપબંધ મુજબ કરેલું કોઈ કામ અથવા લીધેલું કોઈ પગલું, આ નિયમોના ઉપબંધો સાથે અસંગત ન હોય ત્યાંસુધી, આ નિયમોના તત્સમાન ઉપબંધો અન્વયે છે એમ ગણાશે.

# અનુસૂચિ ૧
(જુઓ નિયમ ૫)

| શિક્ષા કરવાનો જેને અધિકાર હોય તેવા અધિકારીનો હોદ્દો | જેને શિક્ષા કરી શકાય તેવા અધિકારીનો દરજ્જો | જે શિક્ષા કરી શકાય તેનો પ્રકાર | જે મર્યાદાઓને અધીન રહીને કલમ ૧ માં નિર્દિષ્ટ કરેલા અધિકારીને શિક્ષા કરવાનો અધિકાર હોય તે મર્યાદાઓ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | (૧) જિલ્લાઓ | |
| ૧. પોલીસ ઈન્સ્પેકટર જનરલ | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪ માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) ઈન્સ્પેકટરો | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી સિક્ષા :--<br>વધારાની કવાયતની, દંડની. | |
| ૨. નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેકટર જનરલે સબ-ઈન્સ્પેકટરોની નિમણૂક કરી |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો | | હોય તેવા પ્રસંગોએ નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલે ફરજિયાત નિવૃત્ત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેકટરો | ચેતવણી અને ઠપકો. | |
| ૩. જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ. | (૧) હેડ કોન્સ્ટેબલો અને કોન્સ્ટેબલો | કોલમ ૪ માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી સિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) સબ ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા : વધારાની કવાયતની, ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની, બરતરફ કરવાની. | |
| ૪. મદદનીશ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, નાયબ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ. | હેડ કોન્સ્ટેબલો. | ચેતવણી, ઠપકો, વધારાની કવાયત, દંડ, પગાર-વધારો અટકાવવાની અને દરજ્જામાંથી ઉતારવાની. | દંડની, પગાર વધારો અટકાવવાની અને દરજ્જો ઉતારવાની શિક્ષા કર્યાના પરિણામે રૂા. ૧૦ કરતાં વધારે આર્થિક નુકશાન થવુ જોઈએ નહિ. |
| | કોન્સ્ટેબલો. | ચેતવણી, ઠપકો, દંડ, પગાર-વધારો અટકાવવાની અને દરજ્જામાંથી ઉતારવાની. | દંડની, પગાર વધારો અટકાવવાની અને દરજ્જો ઉતારવાની શિક્ષા કર્યાના પરિણામે રૂા. ૧૦ કરતાં વધારે આર્થિક નુકશાન થવુ જોઈએ નહિ. |

## ૨--જે વિસ્તાર માટે સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૭ અન્વયે પોલીસ કમિશનરની નિમણૂક કરવામાં આવી હોય તે વિસ્તાર

| | | | |
|---|---|---|---|
| ૧. પોલીસ ઈન્સ્પેકટર જનરલ | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ, ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા પોલીસ અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને આધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) ઈન્સ્પેકટરો | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા<br>વધારાની કવાયતની, દંડની | |
| ૨. પોલીસ કમિશનર | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને આધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કેન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેકટર જનરલે સબ-ઈન્સ્પેકટરની નિમણૂંક કરી હોય તે પ્રસંગોએ, પોલીસ કમિશનરે ફરજિયાત નિવૃત કરવાની નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :--<br>વધારાની કવાયતની, દંડની. | |
| ૩. નાયબ પોલીસ કમિશનર અથવા મદદનીશ | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને આધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| પોલીસ કમિશનર | (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | | વધારાની કવાયતની શિક્ષા કેન્સ્ટેબલોને જ કરવામાં આવશે કસુર કરી હોય તેવી વ્યક્તિઓને પોલીસ કમિશનરે અથવા પોલીસ ઈન્સ્પેકટર જનરલને નિમ્યા હોય, તે પ્રસંગોએ નાયબ, પોલીસ કમિશનરે અથવા મદદનીશ પોલીસ કમિશનરે ફરજીયાત નિવૃત કરવાની નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેકટરો | ચેતવણી અને ઠપકો. | |
| ૪. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | (૧) હેડ કોન્સ્ટેબલો.<br>(૨) કોન્સ્ટેબલો. | નિયમ ૩ની પેટા-નિયમ (૨)ના ખંડો (૧) અને (૨) માં નિર્દિષ્ટ કરેલી શિક્ષા. | |

## ૩. કેન્દ્રીય પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, જૂનાગઢ અને પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, વડોદરા

| | | | |
|---|---|---|---|
| ૩. પોલીસ ઈન્સ્પેકટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને આધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કેન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :--<br>વધારાની કવાયતની, દંડની. | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨. નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે સબ-ઈન્સ્પેક્ટરની નિમણૂક કરી હોય તેવા પ્રસંગોએ નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે ફરજિયાત નિવૃત્ત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેક્ટરો | ચેતવણી, ઠપકો., દરજ્જો ઉતારવાની. | |
| ૩. પ્રિન્સીપાલ, કેન્દ્રીય પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, જૂનાગઢ અને પ્રિન્સીપાલ, પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, વડોદરા. | (૧) હેડ કોન્સ્ટેબલો અને કોન્સ્ટેબલો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા.. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) સબ-ઈન્સ્પેક્ટરો | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :<br>વધારાની કવાયતની, ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની કે બરતરફ કરવાની | |

## ૪. પોલીસ મોટર ટ્રાન્સપોર્ટ સીસ્ટમ

### અ, જિલ્લાઓ.

| | | | |
|---|---|---|---|
| ૧. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| | (૨) ઈન્સ્પેક્ટરો | નીચે જણાવેલ શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની | |
| ૨. નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો.<br>(૨) ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા.<br>ચેતવણી, ઠપકો અને દરજ્જો ઉતારવાની. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરી હોય તેવા પ્રસંગોમાં નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે ફરજિયાત નિવૃત્ત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| ૩. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, પોલીસ મોટર ટ્રાન્સ્પોર્ટ પૂના, અથવા જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | (૧) હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલો.<br>(૨) સબ-ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને આધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ સઘળી શિક્ષા.<br>નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની,, ફરજિયાત નિવૃત્ત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |

બ. જે વિસ્તાર માટે સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૭ અન્વયે પોલીસ કમિશનરની નિમણૂંક કરવામાં આવી હોય તે વિસ્તાર.

| | | | |
|---|---|---|---|
| ૧. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) ઈન્સ્પેક્ટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની. | |
| ૩. પોલીસ કમિશનર | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. ઈન્સ્પેક્ટર જનરલે સબ-ઈન્સ્પેક્ટરની, નિમણૂંક કરી હોય તેવા પ્રસંગોએ, પોલીસ કમિશનરે ફરજિયાત નિવૃત કરવાની નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેક્ટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની. | |

| ૧ | | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ૩. | નાયબ પોલીસ કમિશનર અથવા મદદનીશ પોલીસ કમિશનર. | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે કસૂર કરી હોય તેવી વ્યક્તિઓને પોલીસ કમિશનરે અથવા પોલીસ ઈન્સ્પેકટર જનરલે નીમ્યા હોય તેવા પ્રસંગોએ, નાયબ પોલીસ કમિશનરે અથવા મદદનીશ પોલીસ કમિશનરે ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | | (૨) ઈન્સ્પેકટરો | ચેતવણી અને ઠપકો. | |



### ૫. પોલીસ વાયરલેસ સીસ્ટમ
### અ. જિલ્લાઓ

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | પોલીસ ઈન્સ્પેકટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | | (૨) ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની. | |

| | | | |
|---|---|---|---|
| ૨. નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે સબ-ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરી હોય તેવા પ્રસંગોએ નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેક્ટરો | ચેતવણી અને ઠપકો. અને દરજ્જો ઉતારવાની | |
| ૩. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ વાયરલેસ, પૂના અથવા જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | (૧) સબ ઈન્સ્પેક્ટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :— વધારાની કવાયતની, ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની બરતરફ કરવાની. | |
| | (૨) હેડ કોન્સ્ટેબલો. | વધારાની કવાયત સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :— | |
| | (૩) કોન્સ્ટેબલો. | નિયમ૩ માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | |

**બ- જે વિસ્તાર માટે સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૭ અન્વયે પોલીસ કમિશનરની નિમણૂંક કરવામાં આવી હોય તે વિસ્તાર**

| | | | |
|---|---|---|---|
| ૨. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટબલોને જ કરવામાં આવશે. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | અપીલ)ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કરેલી સઘળી શિક્ષા. | |
| | (૨) ઈન્સ્પેકટરો | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની | |
| ૨. પોલીસ કમિશનર, મુંબઈ. | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેકટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેકટર જનરલે સબ ઈન્સ્પેકટરની નિમણૂંક કરી હોય તેવા પ્રસંગોએ પોલીસ કમિશનરે ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માંની નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :—<br>વધારાની કવાયતની, દંડની | |
| ૩. નાયબ પોલીસ કમિશનર અથવા મદદનીશ કમિશનર, મુંબઈ. | (૧) જે સઘળા અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. મુંબઈના પોલીસ ઈન્સ્પેકટર જનરલે નીમ્યા હોય |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | તેવા સઘળા અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | | તેવા પ્રસંગોએ, મુંબઈના પોલીસ કમિશનરે, નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે, નાયબ પોલીસ કમિશનરે અથવા મદદનીશ પોલીસ કમિશનરે ફરજિયાત નિવૃત્ત કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |
| | (૨) ઈન્સ્પેક્ટરો | ચેતવણી અને ઠપકો. | |

## ૬. છૂપી પોલીસ

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ. | (૧) જે પોલીસ અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) બાબતના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા પોલીસ અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |
| | (૨) પોલીસ ઈન્સ્પેક્ટરો. | કવાયતની શિક્ષા સિવાય નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :-- | |
| ૨. નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ, છૂપી પોલીસ વિભાગ. | (૧) જે સઘળા પોલીસ અધિકારીઓને સન ૧૯૫૬ના મુંબઈના પોલીસ (શિક્ષા અને અપીલ) ના નિયમો લાગુ પડતા હોય તેવા સઘળા પોલીસ અધિકારીઓ, સિવાય કે ઈન્સ્પેક્ટરો. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે સબ ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરી હોય તેવા પ્રસંગોએ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલે તેમના ઉપર ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવી નહિ. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, છૂપી પોલીસ વિભાગ. | (૧) ઈન્સ્પેકટરો | ચેતવણી, ઠપકો અને દરજ્જો ઉતારવાની. | |
| | (૨) સબ ઈન્સ્પેકટરો. | નીચે જણાવેલી શિક્ષા સિવાયની નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા :<br><br>વધારાંની કવાયતની, ફરજિયાત નિવૃત કરવાની, નોકરીમાંથી દૂર કરવાની અને બરતરફ કરવાની. | |
| | (૩) હેડ કોન્સ્ટેબલો અને કોન્સ્ટેબલો.. | કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાઓને અધીન રહીને નિયમ ૩માં નિર્દિષ્ટ કરેલી સઘળી શિક્ષા. | વધારાની કવાયતની શિક્ષા કોન્સ્ટેબલોને જ કરવામાં આવશે. |

## અનુસૂચિ ૨જી

(જુઓ નિયમ ૯)

| શિક્ષા કરનાર સત્તાધિકારી | અપીલ સત્તાધિકારી |
|---|---|
| **૧. જિલ્લો** | |
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ | રાજ્ય સરકાર. |
| નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | ઈન્સ્પેકટર જનરલ |
| જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ |
| મદદનીશ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. |

**૨. જે વિસ્તાર માટે સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૭ અન્વયે પોલીસ કમિશનરની નિમણૂંક કરવામાં આવી હોય તે વિસ્તાર**

| | |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ. | રાજ્ય સરકાર. |
| પોલીસ કમિશનર | ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ. |
| નાયબ પોલીસ કમિશનર અથવા મદદનીશ પોલીસ કમિશનર. | *પોલીસ કમિશનર |

**૩. કેન્દ્રીય પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, જૂનાગઢ અને પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, વડોદરા.**

| | |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ | રાજ્ય સરકાર. |
| નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | પોલીસ ઈન્સ્પેકટર જનરલ |
| પ્રિન્સીપાલ, કેન્દ્રીય પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, જૂનાગઢ અના પ્રિન્સીપાલ, પોલીસ ટ્રેનીંગ સ્કૂલ, વડોદરા | નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ |

---

*સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૦-૪-૮૨ ના ઠરાવ ક્રમાંક પીડીઈ-૨૫૮૧-૩૧૮૭/ગ થી સુધારો કર્યો.

## ૪. પોલીસ મોટર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ

| | |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ | રાજ્ય સરકાર. |
| નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | પોલીસ ઈન્સ્પેકટર જનરલ |
| પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, મોટર ટ્રાન્સપોર્ટ અથવા જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ |

## ૫. પોલીસ વાયરલેસ સિસ્ટમ

| | |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ. | રાજ્ય સરકાર. |
| નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | પોલીસ ઈન્સ્પેકટર જનરલ. |
| પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, વાયરલેસ અથવા જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ. | નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ |

## ૬. છૂપી પોલીસ વિભાગ

| | |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર જનરલ | રાજ્ય સરકાર. |
| નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ | પોલીસ ઈન્સ્પેકટર જનરલ. |
| પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, | નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ |

મુંબઈના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ડી. એસ. જોશી,**
સરકારના સચિવ.

મુંબઈના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એ. એલ. ડાયસ,**
સરકારના સચિવ.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.